**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૮ ઑગષ્ટ ૨૦૧૧**

## કોંગ્રેસની નિષ્ફળતા એ ભાજપ માટે સોનેરી તક જ : શ્રી નિતીન ગડકરી

**મુંબઈ,સોમવાર :** "કેંદ્રમાં અને મહારાષ્ટ્રમાં પણ કોંગ્રેસ સરકાર નો વધતો ભ્રષ્ટાચાર, તેમજ વારંવાર વ્યકત થતો કોંગ્રેસ નેતાઓ નો અહંકાર અને આ બધાં પર સવાઈ મોંઘવારી ને કારણે જનતા સંતપ્ત થયેલ છે. ભાજપ ધારાસભ્યો એ પરિસ્થિતી તરફ સુશાસન લાવવા માટે પ્રાપ્ત થયેલ સોનેરી તક ની દૃષ્ટિએ નિહાળવું જોઈએ. આ તક નું સુવર્ણ કરવું જોઈએ", આ મુજબનું આવ્હાન ભારતીય જનતા પક્ષ નાં રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નિતીન ગડકરી એ પક્ષનાં મહારાષ્ટ્ર ખાતેના ધારાસભ્યો ને કર્યું હતું. ભાજપ ધારાસભ્યો માટે રામભાઉ મ્હાળગી પ્રબોધીની માં આયોજીત કરેલ અભ્યાસવર્ગ ના સમારોપ પ્રસંગે રવિવારે શ્રી નિતીન ગડકરી બોલી રહ્યાં હતા.

મહારાષ્ટ્ર વિધાનસભા, વિધાન પરિષદમાંના ભાજપ ધારાસભ્યો ની બે દિવસના અભ્યાસવર્ગ નું સમાપન કરતી વેળાં શ્રી નિતીન ગડકરી આગળ બોલ્યા હતા કે, "પ્રત્યેક ભાજપ ધારાસભ્યોએ ફરી ચૂંટાઈ આવવા માટે તેમજ પહેલાં કરતા વધુ મતાધિકય મેળવવા માટે શું કરવું જોઈએ એનો વિચાર કરવો જાઈએ. મતદાર સંઘમાં અને સભાગૃહમાં પ્રભાવી કામગિરી થશે એ તરફ આવતાં ત્રણ વર્ષ ધ્યાન આપવું. તેવું સર્વેએ કર્યું તો મહારાષ્ટ્રનું ચિત્ર ચોકકસ બદલાશે."

આ અભ્યાસવર્ગનું ઉદ્‌ઘાટન લોકસભાના ઉપનેતા સાંસદ શ્રી ગોપીનાથ મુંડેએ કર્યું હતું. આ પ્રસંગે દેશ અને મહારાષ્ટ્રમાંની રાજકીય પરિસ્થિતી બાબતે તેમણે પોતાના વિચારો રજૂ કર્યા હતા. વિધાનસભામાંના વિરોધીપક્ષ નેતા શ્રી એકનાથ ખડસે 'સભાગૃહમાંના કામમાં પ્રભાવી સહભાગ' આ વિષય પર અને પ્રદેશાધ્યક્ષ શ્રી સુધીર મુનગંટીવાર 'કોંગ્રેસ આઘાડી સરકારની નિષ્ફળતા' આ વિષય પર, 'મતદાર સંઘ ની સારસંભાળ ' આ વિષય પર માજી કેંદ્રિય પ્રધાન શ્રી રામ નાઈક, 'જનસંઘ - ભાજપ વિકાસ યાત્રા - હીરક મહોત્સવી વર્ષ' આ વિષય પર સાંસદ શ્રી પ્રકાશ જાવડેકર,અને 'સંગઠનાત્મક કાર્ય માં ધારાસભ્યો નો સહભાગ' આ વિષય પર શ્રી રઘુનાથ કુલકર્ણી એ ચર્ચાસત્રો લીધા હતાં. ડૉ.વિનય સહસ્ત્રબુધ્ધે અને ધારાસભ્ય શ્રી વિનોદ તાવડેએ 'માહિતી તંત્રજ્ઞાન, પ્રસાર માધ્યમો' આ વિષય પર સંયુકત ચર્ચાસત્ર લીધું હતું. ઉકત અભ્યાસવર્ગ નું સંયોજન ધારાસભ્ય શ્રી ગિરીશ બાપટએ કર્યું હતું અને અભ્યાસવર્ગ ના વ્યવસ્થાપન પ્રમુખ ધારાસભ્ય શ્રી સંજય કેળકર હતાં.

દેશભર માં થી ભાજપના લોકસભા - રાજયસભા ના ૧૬૫ સાંસદ અને ૨૦ રાજય ના ૯૫૨ ધારાસભ્યોનો વિકાસ થાય તે માટે ભાજપ સાંસદ - ધારાસભ્ય વિકાસ પ્રકોષ્ઠ સ્થાપન કરવામાં આવેલ છે અને માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈક તેના સંયોજક છે. આ પ્રકોષ્ઠ તરફથી સર્વ ભાજપ સાંસદના અને દેશભર ના વિવિધ રાજયો માં ત્યાંના ધારાસભ્યો ના અભ્યાસવર્ગ લેવામાં આવનાર છે. આ પ્રકોષ્ઠે સર્વ પ્રથમ દેશભરના સાંસદો નો દિલ્લી ખાતે પ્રશિક્ષણ વર્ગ લીધો હતો. ત્યારબાદ મધ્યપ્રદેશ અને બિહાર ખાતેના ધારાસભ્યો નો પ્રશિક્ષણ વર્ગ થયા બાદ ગઈકાલે મહારાષ્ટ્રમાંના ધારાસભ્યો નો પ્રશિક્ષણ વર્ગ થયો હતો. ટુંક સમયમાં હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન અને કર્ણાટક ખાતે પ્રશિક્ષણ વર્ગો થશે, આ મુજબની માહિતી શ્રી રામ નાઈકે પત્રકના અંતે આપી હતી.

**(કાર્યાલય સચિવ)**